ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION



# દીવાદાંડી



વર્ષ : ૪
વર્ષ અંક : ૨
સળંગ અંક : ૨૩
ફેબ્રુઆરી : ૨૦૧૩

લવાજમ વિનાનું નિયતકાલીન માસિક

## કહેવત વિશેષાંક

**સંપાદક**
મનીષ સુથાર
મદદનીશ શિક્ષક
શ્રી સમાદરા પ્રા.શાળા
તા.જિ:ખેડા
પિન.૩૮૭૧૨૦




જન્મ : ૨૨.૦૨.૧૮૯૨
અવસાન : ૧૭.૦૭.૧૯૭૨

**આ અંકના સૌજન્યદાતા**
શ્રી માનસીબેન દિલીપભાઈ ભટ્ટ
લેક્ચરર,
એ.જી.બારોટ બી.એડ.
કોલેજ,ભિલોડા
જિ : સાબરકાંઠા.
મો.9408935106

## ૦ સાંકળિયું ૦

(૧) મારી વાત.......................૨

(૨) આટલો સંદેશો.................૩

(૩) કહેવતોની દુનિયા.............૪

(૪) ઈન્દુલાલ યાજ્ઞિક............૧૧

(૬) કહેવતોની દુનિયા...........૧૨

## ૦ શિક્ષકોને/વાચકોને ૦

૦ પ્રાથમિક શિક્ષકોને ઉપયોગી,પ્રેરણાદાયી બને તેવા મૌલિક,અનુભવજન્ય,અભ્યાસપૂર્ણ ટૂંકા લેખો,માહીતિ, સમાચાર કે વિશેષતા આવકાર્ય છે.

૦ અસ્વિકૃત લેખો કે કૃતિઓ પરત મોકલવામાં આવતી નથી.

૦ જે તે લેખ કે વિચારો અંગેની જવાબદારી જે તે લેખકની રહેશે.

૦ જે તે લેખકના લેખો,વિચારો સાથે સંપાદક કે સલાહકાર મંડળ સંમત છે તેમ માનવું નહીં.

૦ આ સામયિક શૈક્ષણિક હેતુ માટે જ છે.

૦ આપના પ્રતિભાવો અને સૂચનો હંમેશા આવકાર્ય રહેશે.

## ૦ મારી વાત ૦

**● મનીષ સુથાર**

સુજ્ઞ સારસ્વત મિત્રો,

'દીવાદાંડી'ના ફેબ્રુઆરી : ૨૦૧૩ના અંકના માધ્યમથી આપ સૌને મળતાં હર્ષની લાગણી અનુભવું છું.

**જાન્યુઆરી : ૨૦૧૩થી 'દીવાદાંડી'ની શૈક્ષણિક યાત્રા <u>ચોથા વર્ષમાં</u> પ્રવેશી છે**.જે સંદર્ભે માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ,માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ,માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ (ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,ગાંધીનગર),શ્રી સુરેશભાઈ સોની ( સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ ),શ્રી ઈશ્વરભાઈ પરમાર (શિક્ષણવિદ્ અને બાળસાહિત્યકાર,દ્વારકા),શ્રી મધુકાંત જોષી (બાળસાહિત્યકાર,રાજકોટ) અને બીજા અનેકોનેક શુભેચ્છકો તરફથી દીવાદાંડીની શૈક્ષણિક યાત્રા માટે લેખિતમાં શુભેચ્છા સંદેશ પ્રાપ્ત થયા છે.જે બદલ હું સૌ શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું.

'દીવાદાંડી' શૈક્ષણિક માસિકના માધ્યમથી શિક્ષકોને સીધું ઉપયોગી શૈક્ષણિક સાહિત્ય આપવાનો પ્રયત્ન કરતો રહ્યો છું.'દીવાદાંડી'ની સફળતામાં આપ સૌના આશીર્વાદ અને સહયોગ સાંપડતો રહ્યો છે.અંતે આપ સૌનો ખૂબ સારો પ્રતિસાદ સાંપડી રહયો છે.એ માટે આપનો આભારી છું.

**મા તુજે સલામ**

# ૦ આટલો સંદેશો ૦

દુનિયાની દરેક ભાષામાં વધારે–ઓછી કહેવતો હોય છે.કહેવતોના અર્થ જુદા–જુદા વિદ્વાન અને અનુભવી લેખકોએ જુદા–જુદા કર્યા છે.તેમ છતાં તેમાંથી સામાન્ય અર્થ તો એક જ નીકળે છે.કહેવત એટલે શું ? એવો સાવ સામાન્ય સવાલ આપણને કદાચ ઉદ્ભવે.કહેવતનો સામાન્ય અર્થ આવો થઈ શકે."પરંપરાથી લોકોમાં કહેવાતાં બોધરૂપ,દ્દષ્ટાંતરૂપ વાકયો કે વચનો એટલે કહેવત."

દરેક ભાષામાં લખાણોની શરૂઆત નહોતી થઈ તે પહેલાંથી જ પ્રજાનો અનુભવ અને ડહાપણ કહેવતના રૂપમાં બહાર પડયાં છે.આ કહેવતોરૂપી ડહાપણ એક માણસના મુખેથી બીજા માણસના મુખે અને એક જમાનાથી બીજા જમાનામાં વારસા તરીકે ઊતરતું આવ્યું છે.

પ્રજાના આચાર,વિચાર,ધર્મશ્રદ્ધા,વહેમો,નીતિ–રીતિ ઉપર કહેવતો પ્રકાશ પાડતી હોય છે.પ્રજાની ઉપર જે ચીજે વધારે અસર કરી હોય છે,તે કહેવતો મારફતે પ્રકટ થાય છે.કહેવત એ માણસાઈ,સ્વભાવ અને દુનિયાઈ ડહાપણનો સિક્કો છે,જે સિક્કો આમ પ્રજા જમાનાના જમાના સુધી સ્વીકારે પણ છે.લોકમત અને લોક પસંદગીવાળાં વચનો જ કહેવત ગણાય છે.આમ કહેવતો એ પ્રજાનો સિક્કો અથવા થાપણ છે.

કહેવતો એ માણસાઈ–ડહાપણનો નમૂનો છે.અને એ ડહાપણનો નમૂનો આપણને અનેક ભૂલચૂકની ચેતવણી આપે છે.મનુષ્ય તરીકે કેમ વર્તવું ? જીવનમાં કેવી રીતે અને કેવી સાવચેતી રાખીને ચાલવું તે આપણને કહેવતો જ શીખવે છે.કહેવતોનો અભ્યાસ ઉપયોગી છે.માણસાઈ,અનુભવ અને અવલોકનની કોઈપણ શાખા એવી નહિ હોય કે જે કહેવતોમાંથી બાકી રહી શકે.કહેવતો એ વિદ્વાન માણસોનો અનુભવ અને ડહાપણનો સિદ્ધાંતસાર છે.અને આ સિદ્ધાંતસાર મનુષ્યમાત્રને બહુ અસર કરે છે.અનુભવીઓના અનુભવથી સિદ્ધ થયેલાં એ વચનો છે.એ વચનો લાંબા વખતનાં પરિપકવ વિચાર–અનુભવનો સારમાત્ર છે,અને તે કદાપિ અસત્ય હોતો નથી.

કહેવતોનો ઉપયોગ કેળવાયેલા વર્ગ કરતાં વગર કેળવાયેલા માણસો વધુ કરતા હોય એવું સામાન્ય રીતે જોવા મળતું હોય છે.કહેવતમાં રહેલું ડહાપણ જૂના લોકોના અનુભવનું સત્વ છે.

જે પ્રજા આનંદી,ઉત્સાહી અને અનુભવમાં આગળ વધેલી હોય છે,તે પ્રજામાં કહેવતો વધારે જન્મ લે છે ને વધારે ઉપયોગમાં પણ આવતી જોવા મળે છે.

કહેવતોની ખૂબી એ છે કે તે ઓછા શબ્દોમાં ઘણુંબધું કહી જાય છે અને મન ઉપર ધારી તેમજ ઊંડી અસર કરે છે.આપણી ગુજરાતી ભાષામાં કહેવતોનો ભંડાર બીજી ભાષાઓની જેમ સારો એવો છે.

બોલવામાં અને લખવામાં જો કહેવતોનો ઉપયોગ કરવામાં આવે તો તો તેવું ભાષણ કે લખાણ હૃદયમાં ઊંડે સુધી અસર કરી જાય છે.

આજે ગુજરાતી ભાષાની આગવી ઓળખ એવી આ કહેવતો હવે તો ખૂબ ઓછી સાંભળવા અને વાંચવા મળે છે.ગુજરાતી ભાષાની ભવ્યતા અને આભૂષણ સમી આ કહેવતોથી તો આજની પેઢી સારી એવી અજાણ છે.ત્યારે કહેવતોરૂપી આ લોકવારસાનો ખૂબ જ નાનકડો કહી શકાય તેવો સંગ્રહ અહીં ''દીવાદાંડી''ના માધ્યમથી આપની સમક્ષ મૂકું છું.વર્ગખંડમાં જરૂર જણાય ત્યાં અચૂક આ કહેવતોની દુનિયામાં બાળકોને ડોકિયું કરાવશો.

## ➢ કહેવતોમાં કારીગર :

- કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં.
- મહેતા મારેય નહિ ને ભણાવેય નહિ.
- ગરજ સરી ને વૈદ વરી.
- સઈ,સુથાર ને સોની ; કદી વાયદો સાચો નહિ.
- ઘાંચીનો બળદ,ઠેરનો ઠેર.
- સો દહાડા સોનીના અને એક દહાડો લુહારનો.
- કુંભાર રીસે બળે ત્યારે ગધેડાના કાન આમળે..
- સુથારનું મન બાવળિયે.
- સો શિક્ષક બરાબર એક માતા.
- ધોબીનો કૂતરો,ન ઘરનો કે ન ઘાટનો.
- કાજીની કૂતરી મરી ગઈ ત્યારે આખું ગામ આભડયું,કાજી મરી ગયા ત્યારે કોઈ નહિ.

## ➢ વિરોધાભાષી કહેવતો :

- માગ્યાથી મરવું ભલું. × માગ્યા વિના મા પણ ન પીરસે.
- નાનો પણ રાઈનો દાણો. × નામ મોટા ને દર્શન ખોટા.
- પ્રાણ જાય પણ વચન ન જાય. × અબી બોલ્યા અબી ફોક.
- ના બોલવામાં નવ ગુણ. × બોલે તેનાં બોર વેચાય.
- ખાડો ખોદે તે પડે. × કરે કોઈ ભરે કોઈ.
- બત્રીસ લક્ષણાં. × ઊંટનાં અઢારે વાંકાં.
- ચેતતો નર સદા સુખી.  × આવ કુહાડી પગ પર.
- કુંભાર રીસે બળે ત્યારે ગધેડાનો કાન આમળે. × ખોદે ઉંદર ભોગવે ભોરિંગ.
- ઓળખાણ સોનાની ખાણ. × ઓળખીતો સુથાર બે ટપકાં વધારે મારે.
- ઘઉં ભેગો ચણો નભે. × પાપડી ભેગી ઈયળ બફાય.
- ગરજે ગધેડાને પણ બાપ કહેવો પડે. × ગરજવાનને અક્કલ નહિં.
- બોલે તેનાં બોર વેચાય. × બોલે તે બે ખાય.
- ઝાઝા હાથ રળિયામણા. × અપના હાથ જગન્નાથ.
- વાર્યા ન વરે તે હાર્યા વરે. × ના જાય વાર્યા,તે જાય હાર્યા.
- ઘરડી ગાય ગોરને આપો. × ધર્માણી ગાયના દાંત ના જોવાય.
- સોડ હોય તેટલી પથારી થાય. × આવક આઠાની ખર્ચો રૂપિયો.
- જેની ઘંટીએ બેસે તેનાં ગીતો ગવાય. × ખાય તેનું ખોદે.
- આપ ભલા તો જગ ભલા. × જેવા સાથે તેવા.

## ➢ કહેવતોમાં પશુઓ :

- ઊંટ મૂકે આકડો,ને બકરી મૂકે કાંકરો.
- કૂતરાની પૂંછડી વાંકીને વાંકી.
- કૂતરા તાણે ગામ ભણી,શિયાળ તાણે સીમ ભણી.
- દીકરીને ગાય દોરે ત્યાં જાય.

- ગરજે ગધેડાને પણ બાપ કહેવો પડે.
- વ્યાજને ઘોડાં ન પહોંચે.
- જાગતાની પાડી અને ઉંઘતાનો પાડો.
- જીવતો હાથી લાખનો અને મરેલો સવા લાખનો.
- બિલાડીની ડોકે ઘંટ કોણ બાંધે ?
- બે બિલાડીની લડાઈમાં ત્રીજો ફાવે.
- ભેંસ આગળ ભાગવત કરવું નકામું.
- ભસતાં કૂતરાં કરડે નહિ.
- ભેંસ ભાગોળે ને ઘેર છાસ છાગોળે.
- મગરનાં આંસુ.
- વાઘને કોણ કહેવા જાય કે તારું મોં ગંધાય છે.
- શેરીનું કૂતરું શેરીમાં વધુ જોરથી ભસે.
- સિંહ કદી ઘાસ ન ખાય.
- આખલા લડે અને ઝાડનાં મૂળિયાં નીકળે.

## ➢ કહેવતોમાં વનસ્પતિ :

- આખું કોરું શાકમાં ગયું.
- આંગણે બાવળિયો ઊગ્યો.
- ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.
- ઊતાવડે આંબા ન પાકે.
- ઊંટ મૂકે આકડો અને બકરી મૂકે કાંકરો.
- કડવા કારેલાંના ગુણ કડવા ન હોય.
- કમ ખાવ,ગમ ખાવ,મગ ખાવ.
- ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે ?
- ગાજરની પિપૂડી વાગી તો વગાડી નહિ 'ને કરડી ખાધી.
- ધતૂરાના ગુણ મહાદેવ જાણે.
- પાપડી ભેગી ઈયળ પણ શેકાય.
- બોલે તેનાં બોર વેચાય.
- મીઠી બોરડી સૌ કોઈ ઝૂડે.
- મીઠાં ઝાડનાં મૂળ ન કપાય.

- વડ તેવા ટેટા ને બાપ તેવા બેટા.
- વાડ વિના વેલો ન ચડે.
- વાડ જ ચીભડાં ગળે.
- લીલા ભેગું સૂકું પણ બળે.
- લીમડો કડવો ખરો પણ નરવોય ખરો.
- સુથારનું મન બાવળિયે.
- શેરડીનો સાંઠો,ગાંઠો સિવાય સારો.
- આખલા લડે અને ઝાડનાં મૂળિયાં નીકળે.

## ➢ કહેવતોમાં શરીર ગુરૂ :

- નવા નાકે દીવાળી.
- તુંડે તુંડે મતિ ભિન્ના.
- ઝાઝા હાથ રળિયામણા.
- હાથના કર્યા હૈયે વાગ્યા.
- નખ આંગળીઓથી વેગળા એ વેગળા.
- બે પેટ કરીને જમવું.
- દુ:ખે પેટ ને કૂટે માથું.
- લલાટે લખ્યું હોય તે ભૂંસાય નહિ.
- નખશિખ ચોખ્ખા હોવું.
- બહોત લંબા,બહોત બેવકૂફ.
- આંખનું રતન હોવું.
- મૂંછના વાળ મોંમા લેવા.
- પગના તળિયા ઘસાઈ જવા.
- કોણીએ ગોળ ચોટાડવો.
- જીભાજોડી કરવી.
- માથાકૂટ કરવી.
- જીભને વારજે.
- હાથ—પગ બાંધી દેવા.
- હાથ—પગ દોરડી ને પગ ગાગરડી.
- પહેલું સુખ તે જાતે નર્યા.
- પડયા ઉપર પાટું.
- નાક કપાય એના કરતાં કાન કપાય એ સારું.
- લાંબા જોડે ટૂંકો જાય,મરે નહિ પણ માંદો થાય.
- હૈયું બાળવું તેના કરતાં હાથ બાળવા સારા.
- હાથીના દાંત ચાવવાના ને બતાવવાના જુદા.
- માથું આપે તે મિત્ર.

## ➢ કેટલીક સમાનાર્થી કહેવતો :

(૧) મૂઆ પછી સૌ વખણાય.
મૂઈ ભેંસનું ઘી ઘણું.
મૂઈ માના ડોળા મોટા.
જીવતા લાખના ને મૂઆ સવા લાખના.
જીવતા પૂમડું પાણી નહિ,ને મૂએ મસાણમાં ગાય.
જીવતા બાપને મારે ડંડા,મૂઆ પછી પહોંચાડે ગંગા.
જીવતાં શેકયાં કાળજાં,મૂએ છાજિયાનો સોર વરસે.
જીવત પિતૃ કો અન્ન ન ખિલાવે,મર ગયે પીછે પિંડ ભરાવે.

(૨) દાટયા ભૂલે પણ લખ્યા ન ભૂલે.
એક લખ્યું ને સો ભસ્યું.
લખાણું તે વંચાણું.
ધોળા ઉપર કાળું,તે જયારે ત્યારે અજવાળું.
ધોળા ઉપર થાય તે જ ખરું.
લખ્યું ભાખ્યા( બોલેલું)ને ઠેલે(રદ કરે).

(૩) કરકસર તે બીજો ભાઈ.
ઢીંકે ઢીંકે સાસ જાય.
એક કસર ને સો સફર.
ત્રેવડ ત્રીજો ભાઈ.
કાંકરે કાંકરે પાળ બંધાય,ને ટીપે ટીપે સરોવર ભરાય.
કોડી કોડી સંચતાં રૂપિયો થાય.
કણ કણ કરતાં મણ થાય.
રાઈ ઉપર મરી ઠાંસે ત્યારે ઘર ચાલે.
ગોળ ગાંગડી ને ઘી આંગળી.

(૪) આપ સમાન બળ નહિ,ને મેઘ સમાન જળ નહિ.
હૈયું બાળ્યા કરતાં હાથ બાળ્યા સારા.

પારકી આશ તે સદા નિરાશ.
આપ મૂઆ સિવાય સ્વર્ગે ન જવાય.
જણનારીમાં જોર નહિ ત્યાં સુયાણી શું કરે ?
ધણી વિનાનાં ઢોર સૂનાં.
ધણી ધારે તો બીજા પાર ઉતરે.
હૈયાતોડ કરતાં હાથતોડ સારી.
ધણી વિનાનું ઢોર,ન મળે ખીલો કે ન મળે દોર.
ધણી ન હોય પાસે,તો ખેડ ધનનો નાશ.
ધણી વિનાની વાડી,તે વેઠે પકડી ગાડી.
ચાકરનું રળ્યું ચાકર ખાય.
ઘરનો ધણી પળ્યો જાય,ને જાતે રળે ત્યારે કોઠી ભરાય.

## ➢ કહેવતોમાં કાગડો :

- કાગને ડોળે રાહ જોવી.
- કાગડાની કોટે રતન.
- કાગડો દહીંથરું લઈ ગયો.
- કાગડો હંસની ચાલ ચાલવા ગયો,પણ એની આવડત શી ?
- હાડિયાભાઈને હસવું ને દેડકાભાઈના પ્રાણ જાય.
- પારેવાંમાં કાગડો જાણે મોટો ભાંગરો.
- કાગનું બેસવું ને ડાળનું ભાંગવું.
- કાગડાના માળા જેવું.
- કાગડાને શ્રાદ્ધ સોળ દહાડા.
- કાગડા ઉડવા.
- કાગનો વાઘ કરવો.
- કાગડાના મોઢામાં રામ.

**'દીવાદાંડી' હવે ઈન્ટરનેટ પર ઓનલાઈન પણ ઉપલબ્ધ**

'દીવાદાંડી' હવે ઈન્ટરનેટ પર ઓનલાઈન નીચેની શૈક્ષણિક વેબસાઈટ પર ઉપલબ્ધ બન્યું છે.

www.edusafar.com

www.bgmahant.blogspot.in

આ સાઈટ પરથી 'દીવાદાંડી'_ડાઉનલોડ પણ કરી શકાય છે.'દીવાદાંડી'ને બહોળા સમુદાય સુધી પહોંચાડવામાં યશભાગી બનનાર સૌનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

## ➢ આરોગ્યવર્ધક કહેવતો :

● જોરાવરસિંહ જાદવ

- ધાતુ વધારણ બળકરણ,જો પિયા પૂછો મોય,
  દૂધ સમાન ત્રિલોકને અવર ન ઔષધ કોય.
- શ્રાવણની તો કાકડી,ભાદરવાની છાશ,
  તાવ સંદેશો મોકલે,આજે આવું કે કાલ.
- દાંતે લૂણ જે વાપરે,કવળે ઊનું ખાય,
  ડાબું પડખું દાબી સૂએ,તે ઘેર વૈદ્ય ન જાય.
- ઓકી દાતણ જે કરે,નરણા હરડે ખાય,
  દૂધે વાળું જે કરે, તે ઘેર વૈદ્ય ન જાય.
- ઘઉં કહે હું લાંબો દાણો,વચમાં પડી લી,
  મારી મજા લેવી હોય,તો લાવો ગોળ ને ઘી.
- રામનામ લાડવા,ગોપાળ નામ ઘી,
  કૃષ્ણનામ ખીર ખાંડ,ઘોળી ઘોળી પી.
- કાળી છું પણ કામણગારી,લેશો ના મુજ વાદ,
  વાદ કર્યામાં વળશે શું ? પણ જોઈ લ્યો મુજ સ્વાદ.
- બલિહારી તુજ બાજરા,જેના લાંબા પાન,
  ઘોડાને પાંખું આવિયું,બુઢ્ઢા થયા જુવાન.
- મગ કહે હું લીલો દાણો,મારા માથે ચાંદુ,
  મારો ખપ ત્યારે પડે,જયારે માણસ હોય માંદું.
- મગના ભાવે મરી વેચાય.
- મોંમા કંઈ મગ ભર્યા છે ?
- મગમાંથી પગ ફૂટયા.
- જે પાણીએ મગ ચડે તે પાણીએ ચડાવવા.
- ચોખો ચંપાય ને દાળ દબાય.

(અનુસંધાન પાન નં.૧૨ પર...)




# ○ ઈન્દુલાલ યાજ્ઞિક ○




જેમનું આખું જીવન લોકહિતાર્થે સંઘર્ષમાં વિત્યું એવા મહાન કર્મવીર સમાજસેવક શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકનો જન્મ નડિયાદમાં તા.૨૨.૦૨.૧૮૯૨ ના રોજ થયો હતો.તેમના પિતા ડોકટર હતા.સેવાભાવી પરગજું પિતાના ગુણો ઈન્દુલાલ યાજ્ઞિકમાં ઉતર્યા હતા.

૧૯૦૬ માં તેઓ મેટ્રિક પાસ થયા.ગુજરાત કોલેજમાં તેમણે તેજસ્વી વિદ્યાર્થી તરીકેની સ્કોલરશીપ મેળવી.૧૯૧૦ માં મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી બી.એ. થયા.ત્યારબાદ સર્વન્ટ ઓફ ઈન્ડિયા સોસાયટીમાં જોડાઈને લોકસેવાનું કામ ઉપાડયું.'યંગ ઈન્યિયા' મુંબઈથી શરૂ કર્યુ જે છેવટે ગાંધીજીને સોંપી દીધું.કોઈની પણ શેહશરમ રાખ્યા સિવાય સાચું કહી દેવાનું નીડર વ્યકિતત્વ તેઓ ધરાવતા હતા.મહાગુજરાત ચળવળનું નેતૃત્વ તેમણે કર્યુ હતું.તેમની મહેનત અને આગેવાનીના કારણે ૧ લી મે ૧૯૬૦ ના દિવસે નવા ગુજરાત રાજયની સ્થાપના થઈ.તેઓ ગ્રામ્ય પ્રજાની સેવા કરવા પગપાળા ફરતા.તેઓ હંમેશા પોતાની સાથે ખિસ્સામાં ચણા રાખતા.અને ચણા ખાઈ જમ્યા વિના ચલાવી લેતા.

ગાંધીજી સાથે મતભેદો ઉભા થતાં તેમની સાથે છેડો ફાડયો ત્યારે ગાંધીજીએ પણ કહેલું કે,''ઈન્દુલાલ જેવો પ્રામાણિક માણસ મળવો મુશ્કેલ છે.''

તેમણે 'પાવાગઢનું પતન' નામની ફિલ્મનું નિર્માણ કર્યુ હતું.૧૯૪૩માં તેમણે પછાત વર્ગો માટે ચાર આશ્રમો સ્થાપેલા.

સાહિત્ય ક્ષેત્રે પણ તેમનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે.એમણે લગભગ ૪૦ જેટલાં પુસ્તકોનું સર્જન કર્યુ છે.ઉત્તમ લેખક તરીકે 'શહીદનો સંદેશ','કુમારનાં સ્ત્રી રત્નો','ગાંધી એમ આઈ નો હીમ','શ્યામજી કૃષ્ણવર્મા','અક્કલના દુશ્મન (નાટક)' જેવાં પુસ્તકો તેમણે લખ્યાં છે.

આ સમાજસેવકનું તા.૧૭.૦૭.૧૯૭૨ ના રોજ મૃત્યું થયું હતું.ચરોતરના આ સપૂતને તેમની પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ.

- ચોખા ભેગી ઈયળ બફાઈ જાય.
- જુવાર કહે હું રાતીધોળી,કોઠીની છું રાણી,
  ગરીબોનું હું ખાણું છું,ને મારી થાય ધાણી.
- મઠ કહે હું ઝીણો દાણો,મારા માથે નાકું,
  મારી પરખ કયારે પડે,કે ઘોડું આવ્યું થાકયું,
- અડદ કહે હું કાળો દાણો,પૌષ્ટિકતામાં પહેલો,
  શિયાળામાં સેવન કરો,તો શરીરમાં આવે કાંટો,
  ખટ(છ) મહિના જો મુજને ખાઓ,તો બળિયા સાથે બાજો.
- ચણો કહે હું ખરબચડો,ને પીળો રંગ જણાય,
  રોજ પલાળી દાળ ખાય,તે ઘોડા જેવો થાય,
  ચણો કહે હું ખરબચડો,ને મારા માથે અણી,
  ભીની દાળ ને ગોળ ખાય,તો બને મલ્લનો ધણી.
- તુવેર કહે હું તાજો દાણો,રસોઈની છું રાણી,
  મારો સ્વાદ લેવો હોય તો પ્રમાણમાં નાખજો પાણી.
- હજુ કયાં ચોખા–મગ ભેગા મળી ગયા છે...?

| | |
|---|---|
| **પત્રવ્યવહાર/પ્રાપ્તિસ્થાન**<br><br>**મનીષ સુથાર**<br>**મદદનીશ શિક્ષક**<br>**પ્રાથમિક શાળા,સમાદરા.**<br>**તા.જિ : ખેડા.**<br>**પિન.૩૮૭૧૨૦**<br>**મો.૯૦૯૯૧૭૨૧૭૭**<br>**E-mail:manishsuthar123@gmail.com** | **TO.** **PRINTED METTER**<br><br>.......................................................<br><br>.......................................................<br><br>.......................................................<br><br>.......................................................<br><br>**PIN.** |

**COMPOSED BY:Manish suthar,asst. teacher,prathmik shala samadara,ta & di:kheda**